

# વિધાનસભામાં ગાંધીનગર

- ધનંજય જોષી

● **જિલ્લાની શાળાઓમાં કુલ ૩૪૫ ઓરડાઓની ઘટ**

માણસાના ધારાસભ્યએ રજુ કરેલા શાળાઓમાં ઓરડાના ઘટના પ્રશ્ન સંદર્ભે શિક્ષણમંત્રીએ જવાબમાં જણાંવ્યા મુજબ ગાંધીનગર જિલ્લામાં ૩૪૫ ઓરડાઓની ઘટ છે. જેમાં દહેગામ તાલુકામાં ૧૦૫, ગાંધીનગર તાલુકામાં ૧૩૨, કલોલ ૬૯ અને માણસા તાલુકાના ૩૯ ઓરડાઓની ઘટ છે. જયારે ખુટતા ઓરડા કયાં સુધીમાં બનાવાશે તેવા પેટા પ્રશ્નમાં પણ આગામી વર્ષો તબક્કાવાર જેમ બને તેમ ઝડપથી કામ પુર્ણ કરવામાં આવશે.

● **જિલ્લામાં ૧૫ કોલેજો બે વર્ષમાં એક નવી કોલેજને મંજુરી**

ગાંધીનગર જિલ્લામાં આર્ટસ અને કોમર્સ પ્રવાહની સરકારી, ખાનગી અને ગ્રાન્ટેડ કેટલી કોલેજો આવેલી છે અને છેલ્લા બે વર્ષમાં કેટલી નવી કોલેજોને મંજુરી આપવામાં આવી છે માણસાના ધારાસભ્ય સુરેશ પટેલના પ્રશ્નના જવાબમાં શિક્ષણમંત્રીએ આપેલા જવાબમાં જણાંવ્યા મુજબ જિલ્લામાં ૧૫ કોલેજો છે. જયારે છેલ્લા બે વર્ષમાં જિલ્લામાં એક નવી કોલેજને મંજુરી આપવામાં આવી છે.

● **ખાનગી નોન ગ્રાન્ટેડ પ્રા શાળા શરૂ કરવા માટે ૮૪ કિસ્સામાં મંજુરી**

કલોલના ધારાસભ્ય બળદેવજી ઠાકોરના પ્રશ્ન સંદર્ભે શિક્ષણમંત્રીએ આપેલા લેખિત જવાબમાં જણાવ્યા મુજબ છેલ્લા બે વર્ષમાં ખાનગી તેમજ પ્રાથમિક શાળાઓ શરૂ કરવા માટે એકપણ અરજી મળી નથી. જયારે ખાનગી નોને ગ્રાન્ટેડ શાળાઓ શરૂ કરવા માટે ૯૨ અરજી મળી છે. જયારે આ પૈકી ૮૪ કીસ્સામાં મંજુરી આપવામાં આવી છે.

● **ગાંધીનગરના પ્રવાસન ધામોના વિકાસ માટે બે વર્ષમાં ૫.૧૧ કરોડનો ખર્ચ**

છેલ્લા બે વર્ષમાં જિલ્લાના ધાર્મિક પ્રવાસન ધામોના વિકાસ પાછળ કટેલો ખર્ચ કરવામાં આવ્યો કલોલના ધારાસભ્યના પ્રશ્ન સંદર્ભે પ્રવાસન મંત્રી આપેલા ઉત્તર મુજબ જિલ્લાના રૂપાલ વરદાયિની માતા મંદિર પાનસરના પાનસુરી માતાજી મંદિર માટે કુલ રૂ ૫.૧૧ કરોડનો ખર્ચ કરવામાં આવ્યો છે.

● **જિલ્લાની ૬૩૪ શાળાઓને ૨૨.૮૫ લાખની ગ્રાન્ટ**

ગાંધીનગર જિલ્લામાં સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત કેટલી શાળાઓને શિક્ષક ગ્રાન્ટ ફાળવવામાં આવી છે ગાંધીનગર દક્ષિણના ધારાસભ્ય શંભુજી ઠાકોરના આ પ્રશ્નના જવાબમાં શિક્ષણમંત્રી વિભાવરીબેન દવેએ જણાંવ્યુ હતુ કે જિલ્લાની ૬૩૪ શાળાઓને ગ્રાન્ટ ફાળવવામાં આવી છે. જયારે આ શાળાઓને કુલ ૨૨ લાખ ૮૫ હજારની ગ્રાન્ટ ફાળવવામાં આવી છે.

## ધોરણ ૯ની વિદ્યાર્થીનીને ૧૦૫૫૧ સાયકલ મળી

અમદાવાદ,તા.૫

રાજ્યમાં અનુસુચિત જનજાતિની ધો.૯માં અભ્યાસ કરતી ૧૦,૫૫૧ કન્યાઓને રાજ્ય સરકારની સાઈકલ આપવાની યોજના હેઠળ સહાય કરવામાં આવી છે, તેમ આદિજાતિ મંત્રી ગણપતભાઈ વસાવાએ જણાવ્યું છે. આજે વિધાનસભા ખાતે પ્રશ્નોતરી કાળ દરમ્યાન સુરત પશ્ચિમના ધારાસભ્ય પૂર્ણેશભાઈ મોદી અને હિંમતનગરના ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ચાવડા દ્વારા અનુસુચિત જનજાતિની કન્યાઓને સાઈકલ સહાય યોજના સંદર્ભે પૂછવામાં આવેલા લેખિત પ્રશ્નો પ્રત્યુત્તર આપતા મંત્રી વસાવાએ વિગતવાર માહિતી આપી હતી.



પરીક્ષાની મોસમનો પ્રારંભ - સીબીએસઈની પરીક્ષાના આરંભ સાથે રાજ્યમાં પરીક્ષાનો માહોલ આરંભાયો છે... સોમવારે ધોરણ-૧૦ અને ૧૨ની સીબીએસઈની પરીક્ષા શાંતિપૂર્ણ વાતાવરણમાં આરંભાઈ હતી. સેંકડો વિદ્યાર્થીઓએ લક્ષ્ય સુધી પહોંચવા પરીક્ષા આપી હતી... આજના પ્રથમ દિવસની પરીક્ષા આપી બહાર નીકળતા વિદ્યાર્થી-વિદ્યાર્થીઓના ચહેરા પર હળવાશ વર્તાતી હતી... આવતા સોમવારે ગુજરાત શિક્ષણ બોર્ડની ધોરણ-૧૦ અને ૧૨ની પરીક્ષા આરંભાશે...

## જિલ્લાની પ્રાથમિક શાળાના ૭૦ આચાર્ય અને સીઆરસી બોર્ડની પરીક્ષામાં સુપરવિઝન કરશે

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગર જિલ્લાના ૭૦ જેટલા એચ.ટાટ પાસ આચાર્ય અને સીઆરસીને ધો. ૧૦ અને ૧૨ની પરીક્ષામાં સુપરવિઝન કામમાં જોતરવામાં આવશે.

ધો. ૧૦ અને ૧૨ની જાહેર પરીક્ષાઓ આગામી સપ્તાહથી આરંભાઈ રહી છે. આ પરીક્ષાઓ નિષ્પક્ષ વાતાવરણમાં લઈ શકાય તે માટે રાજ્ય સરકારે આ વખતે એચ. ટાટ પાસ પ્રા. શાળાના આચાર્યો અને સી.આર.સી.ને સુપરવિઝન માટે પસંદ કર્યા છે.

ધો. ૧૦ અને ૧૨ની પરીક્ષાની તૈયારીઓ માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા હાલ ચાલી રહી છે. આ માટે દરેક જિલ્લા કક્ષાએ પણ ખાસ ટાસ્કફોર્સ પણ રચવામાં આવનાર છે. આ ઉપરાંત જિલ્લાકક્ષાએ અલાયદા કંટ્રોલરૂમ પણ શરૂ કરવામાં આવનાર છે.

આ પરીક્ષાઓમાં ચોરીના બનાવો ઘટે તેમજ નિષ્પક્ષ વાતાવરણમાં પરીક્ષાઓ સંપન્ન થાય તે માટે સરકારે આ વખતે ઘણા બધા ફેરફારો કર્યા છે. જેમ કે પરીક્ષા ખંડમાં જ પ્રશ્નપત્રની બેગ ખોલવામાં આવશે અને તેના પર બે વિદ્યાર્થીની સહિ પણ લેવામાં આવશે.

પ્રા. શાળાના આચાર્યો અને સી.આર.સી.ને સુપરવિઝનની કામગીરીમાં જોતરવાના નિર્ણયનો વિરોધ થઈ રહ્યો છે પરંતુ સરકાર હજુ નમતુ જોખવાના મૂડમાં જણાતી નથી.

# બે જ વર્ષમાં ૧૫૨ સિંહોના કુદરતી, ૩૨ના અકુદરતી મૃત્યુ

### વિધાનસભા ગૃહમાં કોંગી ધારાસભ્યના પ્રશ્નના જવાબમાં વન અને પર્યાવરણ મંત્રી ગણપત વસાવાએ માહિતી આપી

ગાંધીનગર,તા. ૫

ગુજરાત રાજયમાં છેલ્લા બે વર્ષમાં ૧૮૪ જેટલા સિંહ, સિંહણ અને સિંહ બાળના કુલ મોત નોંધાયા હોવાની ચોંકાવનારી વાતનો આજે રાજય સરકાર દ્વારા વિધાનસભા ગૃહમાં સ્વીકાર કરવામાં આવ્યો હતો. રાજયમાં કુલ ૧૮૪ સિંહોના કુલ મૃત્યુ આંકમાં ૧૫૨ સિંહોના કુદરતી રીતે મોત થયા છે, જયારે બાકીના ૩૨ સિંહ, સિંહણ કે સિંહ બાળ અકુદરતી રીતે મૃત્યુ પામ્યા હોવાનો ઘટસ્ફોટ પણ સામે આવ્યો છે. આ ખરેખર ગંભીર અને ચિંતાજનક બાબત કહી શકાય કારણ કે, વાઘ અને સિંહની પ્રજાતિનું રક્ષણ અને તેના સંવર્ધનની બહુ મોટી જવાબદારી રાજય સરકારના શિરે છે. ગુજરાત વિધાનસભા ગૃહમાં કોંગ્રેસના દરિયાપુરના ધારાસભ્ય ગ્યાસુદીન શેખના એક પ્રશ્નનો પ્રત્યુત્તર આપતાં રાજયના વન અને પર્યાવરણ મંત્રી ગણપત વસાવાએ આ માહિતી આપી હતી. વન મંત્રીએ પોતાના લેખિત જવાબમાં જણાવ્યું હતું કે, રાજયમાં છેલ્લા બે વર્ષમાં સિંહ, સિંહણ અને સિંહ બાળ મળી કુલ ૧૮૪ સિંહના મૃત્યુ નોંધાયા છે, જેમાં ૨૦૧૬માં ૧૦૪ અને ૨૦૧૭માં ૮૦ સિંહોના મૃત્યુની ઘટનાઓ સામે આવી છે. છેલ્લા બે વર્ષમાં સૌથી વધુ મૃત્યુ ૭૪ સિંહણના અને ૭૧ સિંહોના અને ૩૪ સિંહ બાળના મૃત્યુ નોંધાયા છે. છેલ્લા બે વર્ષમાં ૧૫૨ જેટલા સિંહ, સિંહણ અને સિંહ બાળના કુદરતી રીતે મોત નીપજયા છે, જેમાં ૨૦૧૬માં સૌથી વધુ ૯૨ સિંહોના મોત નીપજયા હતા. જયારે ૨૦૧૬ અને ૨૦૧૭માં કુલ ૩૨ સિંહ, સિંહણ અને સિંહ બાળના અકુદરતી મોત સામે આવ્યા હતા. જે મૃત્યુ આંકમાં ૨૦૧૬માં ૧૨ અને ૨૦૧૭માં ૨૦ સિંહણના મોતનો સમાવેશ થાય છે. જો ૨૦૧૬ અને ૨૦૧૭ના સિંહોના કુલ મૃત્યુઆંકની વાત કરીએ તો, ૩૨ સિંહ, ૫૭ સિંહણ અને ૬૩ સિંહ બાળના કુદરતી રીતે મૃત્યુ થયા છે.

જયારે અકુદરતી મૃત્યુમાં છેલ્લા બે વર્ષમાં ૭ સિંહ, ૧૭ સિંહણ અને ૮ સિંહ બાળનો સમાવેશ થાય છે. વનમંત્રી દ્વારા સિંહ, સિંહણ અને સિંહ

● અનુસંધાન પાન-૭ પર

# આર ટી ઓ કચેરીમાં એજન્ટ પ્રથાને ડામવા માટે કડક અમલ શરૂ

### કચેરીમાં આઇ ડી પ્રુફ જોઇને નામ નોંધી પ્રવેશ અપાશે : મળતિયા એજન્ટોને છુટછાટ અપાતી હોવાના આક્ષેપ સાથે હોબાળો




ગાંધીનગર તા ૫

ગાંધીનગરના ગ માર્ગ પર સ્થિત આર ટી ઓ કચેરીમાં એજન્ટ પ્રથા નાબુદ કરવા માટે આજથી કડક અમલ શરૂ કરાયો હતો. આર ટી ઓ કચેરીમાં ફરજિયાત આઈ ડી પ્રુફ તપાસી અને એન્ટ્રી કરીને જ પ્રવેશ અપાતા થોડીવાર માટે હોબાળો પણ મચી ગયો હતો. આ સ્થિતિ વચ્ચે આર ટી ઓ કચેરીની વહીવટી કામગીરી પણ પ્રભાવિત થઈ હતી. જો કે કેટલાક એજન્ટોએ મળતિયાઓને કોઈ રોકટોક વગર જ પ્રવેશ આપવામાં આવતો હોવાના આક્ષેપો પણ થયા હતા.

શહેરમાં આર ટી ઓ કચેરી આજે ફરી એકવાર વિવાદનુ કેન્દ્ર સ્થાન બની હતી. અલબત્ત આર ટી ઓ કચેરીમાં આઈ ડી પ્રુફ જોઈને એન્ટ્રી આપવાના નિયમની

● અનુસંધાન પાન-૭ પર

# નેશનલ મેડીકલ કાઉન્સીલની રચનાના વિરોધમાં ગાંધીનગરના તબીબો જોડાયા



ગાંધીનગર, તા. ૫

નેશનલ મેડીકલ કાઉન્સીલની રચનાના વિરોધમાં ગઈકાલથી મોડાસા ખાતેથી શરૂ થયેલી યાત્રા આજે ઈન્ડિયન મેડીકલ એસો.ના ગુજરાત પ્રમુખ ભૂપેન્દ્ર શાહના વડપણમાં ગાંધીનગર ખાતે આવી પહોંચી હતી.

ગાંધીનગર અને કલોલ આઈએમએના હોદ્દેદારો, તબીબી અગ્રણીઓ, ગાંધીનગર મેડીકલ કોલેજના વિદ્યાર્થીઓ, અધ્યાપકો, ગાંધીનગર સિવિલના તબીબી અધિકારીઓ સહિતના અગ્રણીઓ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

આ પ્રસંગે વિરોધની ભૂમિકા આપતાં ભૂપેન્દ્રભાઈ શાહે વિગતવાર છણાવટ કરી જણાવ્યું હતું કે રાજકીય પગલે સારો તબીબી વ્યવસાયમાં કરવાની આ ચાલ છે. આ નવા કાયદાને પગલે વિસંગતતાઓમાં વધારો થશે.

આ પ્રસંગે તબીબી જગતની આવનારી પેઢીને થનારા નુકશાનની પણ જાણકારી તેમણે તેમના આ પ્રવચનમાં આપી હતી.

આ યાત્રા આજે સાંજે હિંમતનગર, વડનગર થઈ અને પછી રાજયના અન્ય વિસ્તારોમાં જશે.

આજની આ બેઠકમાં ગાંધીનગર આઈ.એમ.એ.ના ડૉ. અનિલ ચૌહાણ, ડૉ. જયેશ સોલંકી, ડૉ. રશ્મિન પ્રજાપતિ, ડૉ. કલ્પેશ પરીખ સહિતના અગ્રણીઓ હાજર રહ્યા હતા અને મેડીકલ એકતાની હાકલ કરી હતી.

# અયોગ્ય વ્યવસ્થાથી ગુજરાત દેવાળીયું બનવાની દિશામાં છે

### અંદાજપત્રની સામાન્ય ચર્ચામાં ધાનાણીના પ્રહાર

ગાંધીનગર,તા.૫

ગુજરાત રાજયનાં અંદાજપત્રની સામાન્ય ચર્ચામાં ભાગ લેતા વિરોધપક્ષનાં નેતા પરેશ ધાનાણીએ આજે આક્ષેપ કરતા કહ્યું હતું કે, ભાજપના સતત ૨૨ વર્ષના શાસનમાં નાણાની અયોગ્ય વ્યવસ્થાના કારણે ગુજરાત દેવાળિયુ બનવા તરફ આગળ વધી રહ્યું છે. ભાજપના શાસનકાળમાં ગુજરાતનો વિકાસ દર ક્યારે બે આંકડામાં પહોંચ્યો નથી. રાજ્ય વિકાસદરના આંકડાઓ સાથે ચેડા કરી બે આંકડામાં દર્શાવવાના પ્રયાસ થઈ રહ્યા છે. રાજ્યનું દેવું અને વ્યાજ ચુકવવા માટે તેટલી જ રકમની નવી લોનો લેવા રાજ્ય સરકારે મજબુર થવું પડે છે. ૨૦૧૮-૧૯નું બજેટ દિશાહિન અને સામાન્ય માણસોની સમસ્યામાં વધારો કરશે. ધાનાણીએ સણસણતા સવાલો ઉભા કરી, સત્તાપક્ષને ચાબખા માર્યા હતા.

ચર્ચાની શરૂઆત કરતા જણાવ્યું કે, આ દેશે એક કુશળ અર્થશાસ્ત્રી આપ્યા એ ચાણક્ય, ચાણક્યે કહ્યું છે કે, કોઈપણ સુશાસન માટે એના નાણાની સુયોગ્ય વ્યવસ્થા એ પાયાનો સિધ્ધાંત છે. જો લોકોનાં પરસેવાની કમાણીમાંથી ઉઘરાયેલા કરવેરા, એનો ખર્ચ લોકોની સુખાકારી માટે લોકોનાં ભવિષ્યનાં પથને સુશકત, સમૃધ્ધ બનાવા માટે થાય તો એ વિકાસનાં ફળ સર્વાંગી વિકાસ નાં સ્વપ્નને સાકાર કરે અને રાજ્ય હોય કે રાષ્ટ્ર આગળ ધપતું હોય છે. ધાનાણીએ વધુમાં જણાવ્યું હતું કે, ૧૯૬૦માં બનેલુ ગુજરાત ૧૯૬૦થી ૧૯૯૫ સુધીની બિન ભાજપી સરકારોએ કરેલો વહીવટથી આ ગુજરાત જ્યારે બન્યુ. આ દેશ જ્યારે આઝાદ થયો ત્યારે આ દેશમાં સોયનું પણ ઉત્પાદન નહોતું થતું. સફળ વહીવટથી દેશ મંગળ પર યાન મોકલી શકયું.

# રાજ્યમાં એક પણ શાળામાં ઓરડાની ઘટ ઉભી નહીં થાય

### રાજ્ય સરકારે ઘનિષ્ઠ આયોજન કર્યું છે : આરટીઇ એક્ટથી હવે ધોરણ ૮ પ્રાથમિક સ્કુલમાં ભળતા ઉભી થયેલી ઘટ સામે ૩૦ હજારથી વધુ ઓરડા બનાવાયા : વિભાવરીબેન

ગાંધીનગર,તા.૫

રાજય વિધાનસભામાં પ્રશ્નોતરી કાળ દરમિયાન કચ્છ અને મહેસાણા જિલ્લામાં પ્રાથમિક શાળામાં ઓરડાની ઘટ સંદર્ભમાં પ્રશ્નો પ્રત્યુત્તર પાઠવતી રાજ્ય મંત્રી વિભાવરીબેન દવેએ જણાવ્યું હતું કે, ભારતીય જનતા પક્ષની સરકારે એકપણ શાળામાં ઓરડાની ઘટ પડે નહી તે માટે ખાસ આયોજન કર્યુ છે. તેમણે જણાવ્યું હતું કે, અગાઉ વર્ષ ૧૯૯૮માં ૩૨ હજાર જેટલા ઓરડાની ઘટ હતી. તેમાંથી મોટાભાગના વર્ગખંડો રાજ્ય સરકારે તૈયાર કર્યા અને માત્ર ૧૦ ટકા જેટલી ઓરડાની ઘટ હતી ત્યારે રાઈટ ટુ એજ્યુકેશન એક્ટના અમલના કારણે વધારાના ૪૬૬૬૦ ઓરડાની ઘટ ઉભી થઈ હતી. ફરીથી રાજ્ય સરકારે આ ઘટને પૂરી કરવા ખાસ આયોજન કર્યું અને તા. ૩૧.૧૨.૨૦૧૭ની સ્થિતિએ ૩૦ હજારથી વધુ ઓરડાનું નિર્માણ કર્યુ છે હવે ૧૬ હજાર જેટલાં ઓરડાની ઘટ છે જે આગામી દિવસોમાં ઝડપથી પૂર્ણ કરાશે. મંત્રી વિભાવરીબેન દવેએ જણાવ્યું હતું કે, કચ્છ જિલ્લામાં ૫૬૮ અને મહેસાણા જિલ્લામાં કુલ ૫૮૨ ઓરડાની ઘટ છે જે માટે આ વખતના બજેટમાં પણ માતબર રકમની ફાળવણી કરાઈ હોય બહુ ટૂંક સમયમાં ઓરડાની આ ઘટ પૂરી કરાશે. તેમણે એમ પણ જણાવ્યું હતું કે, આગામી દિવસોમાં એકપણ શાળામાં ઓરડાની ઘટ ન હોય તેવી સ્થિતિનું નિર્માણ કરવા રાજ્ય સરકાર માને છે. ગાંધીનગર જિલ્લામાં તા. ૩૧.૧૨.૨૦૧૭ની સ્થિતિએ વર્ષ-૨૦૧૭-૧૮માં સર્વશિક્ષા અભિયાન હેઠળ ૬૩૪ શાળાઓના ૪૫૭૦ શિક્ષકોને ૨૨,૮૫,૦૦૦ની ગ્રાન્ટ ફાળવવામાં આવી છે, તેમ વિધાનસભા ગૃહ પ્રશ્નોતરીકાળમાં ગાંધીનગર દક્ષિણના ધારાસભ્ય શંભુજી ઠાકોર દ્વારા પુછાયેલા પ્રશ્નો ઉત્તર આપતાં રાજ્ય શિક્ષણ મંત્રી વિભાવરીબેન દવેએ જણાવ્યું હતું. રાજ્ય મંત્રીએ વધુ વિગતો આપતાં કહ્યું હતું કે, માણસા તાલુકામાં ૭૧૮ શિક્ષકો, કલોલમાં ૯૯૯ શિક્ષકો, ગાંધીનગરમાં ૧૫૨૭ તેમજ દહેગામ તાલુકામાં ૧૩૨૬ શિક્ષકો એમ કુલ ૪૫૭૦ શિક્ષકોને ગ્રાન્ટ આપવામાં આવી છે. આ ગ્રાન્ટના હિસાબોનું મોનિટરીંગ બીઆરસી અને સીઆરસી દ્વારા કરવામાં આવે છે, તેમ પમ રાજ્યમંત્રીએ ઉમેર્યું હતું.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ



હવે, શહેરની મધ્યમાં...
The Flavours of Gujarati Traditional Snacks, Sweets & Street Food at
bansari TRADITIONAL
ભાતીગળ ભોજનનો આસ્વાદ
(A.C Restaurant)
MANAGED BY RUDRAKSH EVENT MANAGEMENT
Bansari Traditional
101, First Floor, Haveli Arcade, Near Hotel Fortune inn Haveli, Sector-11, Gandhinagar-382010. M. : 8871887150, M. : 8160053460

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
BRIDGESTONE CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com